# મોડાસા નગરપાલિકાને પાણીના ૧૭ કરોડ રૂપિયા ચૂકવવા સિંચાઈ વિભાગની નોટીસ

## નગરપાલિકાએ ૧૭ કરોડ રૂપિયા માફ કરી દેવા સરકારમાં રજૂઆત કરી : મોડાસા નગરપાલિકાના ૨૦ વર્ષથી નાણાં ચૂકવવામાં ગલ્લા તલ્લા


મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના વડા મથક મોડાસા શહેરમાં છેલ્લા ૨૦ વર્ષથી ભાજપા એક હથ્થુ શાસન સંભાળે છે. મોડાસા નગરનો વિકાસની ગતિ પણ ગતિશીલ નથી ત્યારે બીજી બાજુ નગરપાલિકાતંત્ર દ્વારા સફાઈપૂર્વક નગરજનો અને દુકાનદારો પાસેથી વેરા ઉઘરાવી લેવામાં આવે છે. મોડાસા નગરજનોને પીવાનુ પાણી પુરૂ પાડતા એકમાત્ર માઝુમ ડેમમાંથી સતત ૨૦ વર્ષ સુધી નગરપાલિકાએ પાણી મેળવી સિંચાઈ વિભાગને નાણા ચૂકવવાના વાયદા કરે રાખતા નગરપાલિકાના માથે ૧૭ કરોડ રૂપિયાનું અધધ દેવુ ચડી જતા સિંચાઈ વિભાગ દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે. નગરજનો ન.પા.ના વહિવટ અંગે અનેક પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે.

મોડાસા નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારમાં નગરજનોને પાણી પુરૂ પાડવા માટે નગરપાલિકાતંત્ર દ્વારા નજીકના માઝુમ ડેમમાંથી પાણીની ખરીદી કરી શહેરીજનોની પાણીની જરૂરિયાત પુરી પાડવામાં આવે છે. આ નાણા નગર પાલિકાએ ૨૦ વર્ષથી સિંચાઈ વિભાગને ચુકવવામાં ઉદાસીનતા દાખવતા નગરપાલિકાના માથે ૧૭ કરોડ રૂપિયાનું દેવુ થઈ ગયું છે. નગરપાલિકાતંત્રના જણાવ્યા અનુસાર ૭૮ હજાર વસ્તી ધરાવતા શહેરમાં ૧૨ હજાર નળ કનેક્શન મારફતે પાણી પુરૂ પાડવામાં આવે છે. અને ૧૨ હજાર નળ કનેક્શનનો ૬૦૦ રૂપિયા વાર્ષિક વેરો ૭૨ લાખ રૂપિયા થાય છે. જેમાં ૬૦ ટકાથી વધુ વસુલાત થઈ શકતી નથી. ૯૦ લાખ દર વર્ષે લાઈટબીલ ચૂકવવાના થાય છે. જ્યારે ૪૦ ટકા જેટલો ખર્ચ મોટર રીપેરીંગ, પાઈપો અને નિભાવ ખર્ચ થાય છે. આમ નગરજનોને પાણી પુરૂ પાડવા માટે રૂ. ૧.૩૦ કરોડ ખર્ચ અને પાણીના ૫૦ લાખ ચૂકવવાના થતા હોવાથી નગરપાલિકા તંત્ર દ્વારા પાણીનુ બીલ ચૂકવવામાં નિષ્ફળ નિવડી રહી છે. જેથી નગરપાલિકા તંત્ર દ્વારા સરકારમાં માઝુમ ડેમ સિંચાઈ વિભાગનું ૧૭ કરોડ રૂપિયા દેવુ માફ કરવા રજૂઆત કરવામાં આવી છે.

મોડાસા સિંચાઈ વિભાગના ઈજનેર દિપક પંડ્યાના જણાવ્યા અનુસાર સિંચાઈ વિભાગ દ્વારા વારંવાર નોટીસ ફટકાર્યા બાદ ગત વર્ષે ફક્ત ૫ લાખ રૂપિયા ચુકવવામાં આવ્યા છે. ગત વર્ષના ૫૬ લાખ રૂપિયાના પાણીના બીલ સામે ફક્ત નપા તંત્ર દ્વારા ૫ લાખ રૂપિયા ચુકવી ૫૧ લાખ રૂપિયા ચૂકવ્યા નથી. ૨૦ વર્ષથી નગરપાલિકા તંત્ર દ્વારા પાણીનું બીલ ન ચુકવતા સિંચાઈ વિભાગને ૧૭ કરોડ રૂપિયા ચૂકવવાના આવતા ન.પા. તંત્રને નોટીસ ફટકારવામાં આવી છે.







## તાજપુરમાં મહિલાનો આત્મહત્યાનો પ્રયાસ

પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે રાવળ વાસમાં રહેતા મેનાબેન મેલાભાઈ રાવળે ગુરૂવારે પોતાના પર ચારિત્ર્ય અંગે શંકા રખાતા ઘરમાં અવારનવાર ઝઘડા થતા હતા. તેથી મેનાબેને કંટાળીને પોતાના શરીર પર કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દીધી હતી. જેથી તેમને સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડાયા છે. ત્યારબાદ પ્રાંતિજ પોલીસે મેનાબેન રાવળની ફરિયાદને આધારે મેલાભાઈ પુંજાભાઈ રાવળ તથા મંગુબેન પુંજાભાઈ રાવળ વિરૂદ્ધ શનિવારે પ્રાંતિજ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઊંઝામાં કારચાલકનું અપહરણ કરી ૨૫ લાખની ખંડણી

ઊંઝા, તા. ૨૫

ઊંઝા ખાતે હાઈવે પર આવેલ એપીએમસી સર્કલ પાસે વર્નાકાર થોભાવીને ચાલક ઠાકોર યુવાન કારમાંથી છોકરીઓને ઉતારતો હતો ત્યારે અચાનક ચાર શખ્સોએ આવી છોકરીઓને ધક્કો મારી કારમાં બેસાડી કાર સિદ્ધપુર તરફ લઈ જઈ અપહરણકર્તાઓએ કાર ચાલકને મુક્કા મારી દોઢ તોલાની સોનાની ચેઈનની લૂંટ કરી ચાલકની બહેન અને કુટુંબીભાઈ પાસે ૨૫ લાખની માંગણી કરી અપહરણ કર્યા અંગે સ્થાનિક પોલીસ મથકે ગુનો નોંધાતા આ વિસ્તારમાં ભારે ચકચાર જાગી છે. દરમિયાન અપહરણ કર્તાઓને પાટણ પોલીસે ઝડપી લઈ કારચાલકને છોડાવ્યો હતો. જ્યારે એક અપહરણકર્તા ફરાર થઈ ગયો હતો.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઈશ્વરજી કુંવરજી ઠાકોરના પુત્ર અજીતજી ઠાકોર ઉં.વ. ૨૨ રહે. ડાભી, તા. ઊંઝાવાળા તા. ૨૪-૪-૨૦૧૬ના રોજ બપોરના સવા એક વાગ્યાના સુમારે ઊંઝા ખાતે હાઈવે પર આવેલ એપીએમસી સર્કલ પાસે પોતાની વર્નાકાર જીજે.૦૨.એસી-૮૯૮ ૩માંથી બે છોકરીઓને ઉતારતા હતા ત્યારે અચાનક ચાર શખ્સોએ આવી ધક્કો મારી કારની સીટ પર બેસાડી સિદ્ધપુર તરફ કાર લઈ ગયા હતા. દરમિયાન ચાલુ કારે અપહરણકર્તાઓએ કારચાલક ઠાકોરને માર મારી ગળામાંથી રૂપિયા ૨૫ હજારની કિંમતની દોઢ તોલાની સોનાની ચેઈન પેન્ડલ સાથેની લૂંટ કરી હતી. અને ચાલુ કારે અપહરણકર્તાઓએ ફોનથી કારચાલકની બહેન પાસે ૨૫ લાખની ખંડણી માંગી હતી. બાદ છોકરીઓને માર્ગમાં ઉતારી પાટણ તરફ ફરાર થઈ ગયા હતા.

આ બનાવની પોલીસને જાણ થતાં પોલીસે વાયરલેસ સંદેશાઓ પાઠવી આરોપીઓને પકડવા માટે નાકાબંધી કરાવી હતી. દરમિયાન પાટણ બી. ડીવીઝન પોલીસે કારને પકડી પાડી ચાર આરોપીઓ પૈકી ત્રણને ઝડપી લીધા હતા. જ્યારે એક આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસે અપહરણ થયેલ યુવાનને છોડી દીધો હતો.

આ અંગે ઊંઝા પોલીસે કારચાલકની ફરિયાદના આધારે ચાર શખ્સો વિરૂદ્ધ અપહરણ અને લૂંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ગુના સંદર્ભે પોલીસે રબારી જીગર સાગરભાઈ રહે. ઊંઝા, રબારી નરેશ ઉર્ફે નરસિંહ ઈશ્વરભાઈ રહે. મક્તુપુર તા. ઊંઝા, રબારી ગોવિંદ પ્રભાતભાઈ રહે. ઊંઝાની ધરપકડ કરી હતી. જ્યારે ફરાર આરોપી વિષ્ણુ રામજીબાઈ રબારી રહે. ઊંઝાની શોધખોળ હાથ ધરી છે.

## ચોરીવાડની મહિલા પાસેથી દહેજના નામે ત્રાસ અપાતા ૬ સામે ફરિયાદ

હિંમતનગર, તા. ૨૫

ઈડર તુલાકના ચોરીવાડ ગામે રહેતા એક મહિલા નોકરી કરતા હોવા છતાં તેમના પતિ સહિત છ સાસરીયાઓ દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપીને રૂ. ૧૦ લાખ દહેજની માંગ કરી પરેશાન કરતા મહિલાએ રવિવારે છ સાસરીયા વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ઉનાળાની શરૂઆત થતાં જ શાકભાજીના ભાવ આસમાને

મોડાસા, તા. ૨૫

બંને જિલ્લામાં ધીરે ધીરે ગરમીનો પારો દિવસે દિવસે વધવા લાગ્યો છે ત્યારે ગરમીના પારાની જેમ શાકભાજીના ભાવમાં પણ વધારો થતા ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે. શાકભાજીના ભાવમાં આગ ઝરતી તેજીના લીધે ભોજનની ડીસ મોંઘી બની જવા પામી છે. શાકભાજીના વધેલા ભાવને લીધે ગરીબ અને મધ્યમ વર્ગની થાળીમાંથી શાકભાજીની બાદબાકી જોવા મળી રહી છે. ભીંડા, બટાટા, ગિલોડી, ડુંગળી, વટાણા જેવી શાકભાજીઓના ભાવમાં ધરખમ વધારો જોવા મળતા ગૃહિણીઓના બજેટમાં મોટો ફટકો પડ્યો છે. શાકભાજીના ઉંચા ભાવને લીધે મફતમાં મળતા કોથમીર અને મરચાં પણ ગ્રાહકોને મળતા નથી અને તેના પણ ગ્રાહકોને દામ ચુકવવા પડે છે. જાણકારોના જણાવ્યાનુસાર વધતી જતી ગરમી અને શાકભાજીના પાકના ઓછા ઉતારાના લીધે ભાવોમાં ઉછાળો જોવા મળ્યો છે.



## શામળાજીના વેણપુર ગામે ટ્રકમાંથી ૨૧.૬૦ લાખનો દારૂનો જથ્થો જડપ્યો : એક બૂટલેગરની ધરપકડ

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીક રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા વેણપુર ગામની સીમમાંથી જિલ્લા એલસીબી પોલીસ અને શામળાજી પોલીસ દ્વારા હરિયાણા પાસીંગના ટ્રકમાંથી ભારતીય બનાવટનો જીનદારૂનો ૨૧૬૦,૦૦૦ રૂ.નો વગર પાસપરમીટે ગેરકાયદેસર રીતે ગુજરાત રાજ્યમાં ઘૂસાડાતો ઝડપી પાડી ટ્રકચાલકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. સોમવારે રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા વેણપુર ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનુ સઘન ચેકિંગ હાથ ધરતા અને બાતમીના આધારે રાજસ્થાન તરફથી આવતી ટ્રક (ગાડી નં. એચઆર-૩૭-એ-૩૪૬૧)ને અટકાવી તલાશી લેતા ટ્રકમાં સોફ્ટ ટેન પાવડર ભરેલી બેગની નીચે સંતાડેલો ગેરકાયદેસર વગર પાસ પરમીટનો ભારતીય બનાવટની સેવન સીસ એકસ્ટ્રા ડ્રાય જીનના માર્કાની પેટીઓ નંગ ૪૫૦માંથી કુલ બોટલો નંગ ૫૪૦૦ કિંમત રૂ. ૨૧,૬૦,૦૦૦ તથા ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ, મોબાઈલ ફોન નંગ-૧ કિંમત રૂ. ૫૦૦, રોકડ રકમ ૩૨૦૦ તથા તાડપત્રી અને રસ્સી નંગ-૧ કિંમત રૂ. ૧૦૦૦ મળી કુલ રૂ. ૩૧૬૪૭૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ટ્રકચાલક પરમજીતસીંગ અમરિકસીંગ કુંભાર (ઉં.વ.૪૧) રહે. પંડુરી, તા. જિલ્લો કેથાલ હરિયાણાને ઝડપી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી છે.



# હિંમતનગરમાં રાજસ્થાનની પરિણીતાએ ગળે ફાંસો ખાઈ કરી આત્મહત્યા

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના આંબાવાડી વિસ્તારમાં આવેલ એ ડીવીઝન પોલીસ સ્ટેશન સામે સોમવારે બપોરે એક પરિણીતાએ ઘરમાં કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લીધી. આ અંગે પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

આંબાવાડી વિસ્તારમાંથી યશવી ટાઈમ્સ નામની ભરતભાઈ મિસ્ત્રીની દુકાન ઉપર આવેલ મકાનમાં બે દિવસ પહેલા રહેવા આવેલ વિજયભાઈ મદનભાઈ મહેશ્વરીની પત્ની નયનાબેન સોમવારે બપોરના સુમારે કોઈ અગમ્ય કારણોસર ઘરમાં અંદરથી દરવાજો બંધ કરી પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નયનાબેનના પતિ વિજયભાઈએ એ ડીવીઝન પોલીસને જાણ કરતા ઈન્ચાર્જ પીએસઆઈ ડી.ડી. પરમાર સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી આવી મૃતદેહને ઉતારી અને તપાસ કરી પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલમાં ખસેડાઈ હતી. આ અંગે પીએસઆઈ ડી.ડી. પરમારે જણાવેલ કે વિજયભાઈના લગ્ન ૧૦ વર્ષ પહેલા રાજસ્થાનના બાડમેરની નયના સાથે થયા હતા અને તેમના લગ્નજીવન દરમિયાન ૭ વર્ષીય મિત નામનો બાળક છે. જેના ૧૦ દિવસ પહેલા વિજયભાઈને બેરણા રહેતા હોય તેમને ત્યાં વેકેશનમાં મુકી આવ્યા હતા. વિજયભાઈ શહેરના ઈન્દ્રનગર વિસ્તારમાં ભાડે દુકાન રાખી ગોળી-બિસ્કીટનો વેપાર કરી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવતા હતા. જ્યારે નયનાબેન છેલ્લા ચાર મહિનાથી હિંમતનગરની મેક્સ ઈન્સ્યોરન્સમાં એજન્ટ તરીકે નોકરી કરતા હતા. તો બીજી બે દિવસ પહેલા ગોકુલનગર વિસ્તારમાંથી મકાન ખાલી કરીને આંબાવાડી વિસ્તારમાં રહેવા આવ્યા હતા અને સોમવારે બપોરે વિજયનભાઈ ઘરે આવ્યા ત્યારે નયના ઘરે હતી અને થોડી બોલાચાલી બાદ નયનાએ ઘર અંદરથી બંધ કરી પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વિજયભાઈની જાણથી તાત્કાલિક પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવી હતી અને દરવાજો તોડી જોતા નયનાબેન પંખે લટકેલા નજરે પડ્યા હતા. જેથી વિજયભાઈની જાણને આધારે ફરિયાદ લઈ કાર્યવાહી હાથ ધરી છે.

## હિંમતનગરમાં ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

હિંમતનગરના મોતીપુરાના ગ્રાઉન્ડ પર લાયન્સ કલબ તથા લાયોનેસ કલબ હિંમતનગર ડીવાઈન દ્વારા તાજેતરમાં ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. હિંમતનગરમાં લીઓ કલબ અને મીની ટાઈગર વચ્ચે મેચ રમાઈ હતી જેમાં મીનીટાઈગર ટીમ વિજેતા બની હતી. વિજેતા ટીમ તથા રનર્સઅપ ટીમને ટ્રોફી એનાયત કરી તમામ ખેલાડીઓને શિલ્ડ આપી, મેન ઓફ ધી સીરીઝ, બેસ્ટ બોલર, બેસ્ટ બેટ્સમેન, મેન ઓફ ધ મેચને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એનઆરઆઈ સી.કે. પટેલ તથા પ્રાંત અધિકારી કલ્પેશભાઈ પાટીદાર, લાયન પ્રમુખ બ્રિજેશ પટેલ, લાયોનેસ પ્રમુખ કાજલબેન દોશી, અર્ચનાબેન સોની, મંત્રી મોહનભાઈ, રમેશભાઈ શાહ, પરાગભાઈ દોશી, ડી.એલ. પટેલ, પ્રવિણભાઈ પ્રજાપતિ, લીયોપ્રમુખ નીતિન પટેલ તથા પ્રફલ્લભાઈ બારોટ ઉપસ્થિત રહી ખેલાડીઓને બિરદાવ્યા હતા.



## પ્રાંતિજ શાળા નં. ૮ના આચાર્યનો વિદાય સમારોહ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ વણઝારા ફડીમાં આવેલ ગુજરાતી શાળા નં. ૮ના શિક્ષક અને શાળાના આચાર્ય તરીકે ફરજ બજાવતા શાળાના આચાર્યનો શાળા સ્ટાફ પરિવાર વતી વિદાય સમારોહ યોજાયો. પ્રાંતિજ હાઈવે ૮ પર વણઝારા વિસ્તારમાં આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નં. ૮ના આચાર્ય તરીકે ફરજ બજાવતા પટેલ રસિકભાઈ કાન્તીભાઈ કે જેવો સરકારી ધારા ધોરણ મુજબ નિવૃત્ત થતાં શાળા પરિવાર તથા જુથના આચાર્યો તથા શિક્ષક મિત્રોએ ભેગા મળી વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં નિવૃત્ત થઈ રહેલા પટેલ રસિકભાઈને સન્માનપત્ર તથા ફૂલહાર, શ્રીફળ આપીને વિદાય આપવામાં આવી હતી. જ્યારે આ પ્રસંગે વિદાય લઈ રહેલા શિક્ષક સહિતના મિત્રો ભાવુક થઈ ગયા હતા. આ પ્રસંગે બી.આર.સી. ભાવનાબેન મોદી, માજી બિટનિરીક્ષક મધુબેન, બીટનિરીક્ષક ત્રિગુણાબેન તથા જુથના આચાર્યો તથા શાળા પરિવાર સહિત સગા સંબંધીઓ સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરમાં આર.એસ.એસ. દ્વારા વિચારગોષ્ઠિ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૨૫

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હિંમતનગર નગર અને ભારતીય વિચાર મંચના સંયુક્ત પ્રયાસથી હિંમતનગરના કર્મ ધામ ખાતે શનિવારે રાત્રે વર્તમાન રાષ્ટ્રીય પરીદ્રશ્ય અને પ્રબુદ્ધજનોની ભૂમિકા વિષય પર વિચાર ગોષ્ઠિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત સંઘના સ્વયંસેવકોને ભારતીય વિચાર મંચ ક્ષેત્રના સંયોજકે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું

હિંમતનગર ખાતે યોજાયેલા આરએસએસના વિચાર ગોષ્ઠિ કાર્યક્રમમાં ભારતીય વિચારમ મંચના સંયોજક કાન્તીભાઈએ જણાવ્યું હતું કે રાષ્ટ્રના હિતમાં દુર્જનોની સક્રિયતા કરાવા સજ્જનોની નિષ્ક્રિયતા એ આપણા માટે રાષ્ટ્રીય સમસ્યા બની રહી છે. ત્રણ ચાર વર્ષમાં જ પ્રબુદ્ધોને દેશમાં અસહિષ્ણુતા ક્યાંથી દેખાઈ અને આવા લોકો દેશ વિરોધી વિચાર વાણીનો વિલાસ કરી રહ્યા છે તો તેની સામે આપણો જ પ્રબુદ્ધ વર્ગ મૌન બની રહ્યો છે તે ચિંતાજનક છે. દેશમાં વર્ગ-વિગ્રહ સાથે ધાર્મિક માન્યતાઓને ભડકાવવાના પ્રયાસ થઈ રહ્યાનું જણાવી ચિાર મંચના સંયોજકે દેશની પ્રબુદ્ધ સજ્જન શક્તિને આવા દેશ વિરોધી તત્વો સામે દેશભક્તિના વિચારો અભિવ્યક્ત કરવા અને પ્રજાને જાગૃત કરવા ટકોર કરી હતી.

## સુરપુર ગામ પાસે બાઈક અને જીપ ડાલુ સામ-સામે ધડાકાભેર ટકરાતાં બાઈકચાલકનું કરૂણ મોત

ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુરપુર ગામ પાસે કાગવા કંપા પાસેના ગોઝારા વળાંકમાં બાઈક અને જીપ ડાલુ સામ-સામે ધડાકાભેર ટકરાતાં બાઈક ચાલકનું કરૂણ મોત નિપજ્યું અને એક નવયુવાન ગંભીર રીતે ઘવાયો હતો. ભિલોડાના નવા ભવનાથ ગામના રોહિતભાઈ લાલાભાઈ પરમાર, ધવલભાઈ દિનેશભાઈ પરમાર ઘરેથી બાઈક ઉપર લગ્ન પ્રસંગમાં જવા માટે નીકળ્યા હતા. કાગવા કંપા પાસેના ગોઝારા વળાંકમાં બાઈક નંબર. જી.જે.૯. એ.એન.૬૭૦૨ અને જીપ ડાલુ નંબર.જી.જે.૨. એ.પી.૩૪૪૧ સામ-સામે ધડાકાભેર ટકરાતાં બાઈક ચાલક અને બાઈક પાછળ બેઠેલા બંન્ને નવયુવાનો ગંભીર રીતે ઘવાયા હતા. ભિલોડા ૧૦૮ મારફતે તાબડતોબ બંન્ને ઈજાગ્રસ્તોને ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.ભિલોડા કોટેઝ હોસ્પિટલના મેડીકલ ઓફીસરો ધ્વારા પ્રાથમીક સારવાર અપાયા બાદ નવા ભવનાથ ગામના બંન્ને નવયુવાનોને વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ભિલોડાના નવા ભવનાથ ગામનો ધવલભાઈ દિનેશભાઈ પરમાર આશરે ઉંમર વર્ષ-૨૧ ગંભીર રીતે ઘવાયો હતો. ભિલોડાના નવા ભવનાથ ગામનો આશાસ્પદ નવયુવાન રોહિતભાઈ લાલાભાઈ પરમાર આશરે ઉંમર વર્ષ-૨૨ને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજતાં ઠાકોર સમાજમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. ભિલોડાના નવા ભવનાથ ગામના આશાસ્પદ નવયુવાનનું કરૂણ મોત નિપજતાં પરીવારજનો, સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા ત્યારે સૌ-કોઈની આંખોમાંથી અશ્રુઓની ધારાઓ વહેતી થઈ હતી. ભિલોડા પોલીસએ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.